સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

રાજકારણ ખાયકીનો ખંદો થઇ ગયો છે,
ને વારસાગત પેઢીનો ધંદો થઇ ગયો છે,
આપે કંધો કુટુંબને જ કરૂણાનિધિ-લાલુ,
અંગત સ્વાર્થ પાસે ન્યાય અંધો થઇ ગયો છે..
(પારિવારીક પક્ષ)

વિસામણામાં..
ઉભા રહેવું ક્યાંથી?!
પાયા વગર!!
(વિરાટ મૂર્તિની ચિંતા)

પૂછીને પ્રશ્નો -
કેજરીવાલ દાબે -
દુખતી રગ..
(વિકાસનું કેન્સર)

હાઈકુ

ચિંતન

હયબર ગયબર સઘનઘન, છત્રપતિ કી નારી । તાસ પટતરા ના તુલે, હરિજન કી પનિહારી ॥

કબીરજી એ આ દોહરામાં મહારાજાની રાજરાણી મહારાણી અને ઇશ્વરભક્ત ગોપી જે નિર્દોષ ભાવે માખણ વેંચવા નીકળી છે તે ગરીબ છે છતાં - આવાં ભક્તોએ મહારાણી સાથે પોતાની જાતને મૂકીને કોઇ સરખામણી કરવાની જરૂર નથી, એમ સમજાવ્યું છે :

સત્તાવાન રાજવીના ઘરમાં ધન-સંપત્તિ હોય એ સ્વાભાવિક છે. એટલે એવી મહારાણી પાસે જામવંત ઉમદા ઘોડા, સારી ઓલાદની કામધેનુ-કપિલા જેવી ગાયો હોય, અને હીરા-માણેકથી ખજાના ભર્યા હોય એ સ્વાભાવિક છે.

પરંતુ ભક્ત સ્ત્રી-પાસે આવું કંઇ જ ન હોય, માત્ર ભક્તિમય-સાદું જીવન હોય એમાં પ્રભુ-ભક્તિનો જે આનંદ-સુખ છે એવા આનંદની તુલના રાજરાણીના સુખથી જરા પણ ઉતરતાં નથી. આ બંનેમાંથી કોનું સુખ ઊંચુ કે કોનું મહત્ત્વ મોટું એ વિચારવા જેવું જ નથી

એક પલ્લામાં સોના-ચાંદી હોય છતાં પણ ભક્તના એક તુલસીપાનની તુલનામાં એ પલ્લું ઊંચું જ રહે છે. ગરીબ નરસિંહ મહેતાની પુત્રીનું 'મામેરૂં' ભગવાને જાતે ભરી આપ્યું હતું.

સુવિચાર

- સુખ માટેની માંગણી અને દુ:ખ માટેની ફરિયાદ જો જીવનમાંથી રવાના થઇ જાય તો પછી આપણો બેડો પાર છે - એસ. ભટ્ટાચાર્ય
- જ્ઞાનએ ધર્મનો પાયો છે અને જ્ઞાનનો પડછાયો પણ. આત્માને માટે 'છાંયો' છે - અખંડ આનંદ
- સારા આદર્શો સારા છે, પણ માણસે ક્યારેય ભૂલવું ન જોઇએ કે ક્યારેક વધારે સારા થઇ જવું ખતરનાક હોય છે - બર્નાડ શો
- જ્યારે એક વૃક્ષ સ્વર્ગ સુધી જાય છે ત્યારે તેના મૂળિયામાં નરકને સ્પર્શે છે- જાપાની કહેવત
- સુખ પૂર્ણ પણે વિકસે ત્યારે આનંદમાં પરિણમે, દુ:ખ ચરમસીમાએ પહોંચે ત્યારે વિષાદનો અનુભવ કરાવે - ફ્રાંસિસ બાકોન
- જે રાજીપો અનુભવે તે જ કોઇને રાજી રાખવા તત્પર થાય અને દુ:ખનો અનુભવ થતો હોય તે જ કોઇને દુ:ખી કરતા અચકાય -મનુસ્મૃતિ
- આપણે કોઇએ ગાંધીજીના સ્થૂળ ચરિત્રનું પૂછડું ન પકડવું જોઇએ.. એ પોતે કોઇ જૂની ચોપડીની નકલ કરનાર માણસ ન હતા... એ તો નિત્ય નવું અને તાજું વિચારતા અને કહેતા એમની વાતોને આપણે સ્થૂળરૂપમાં ન પકડવી - ઘનશ્યામદાસ બિરલા

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

પરીક્ષા માટે જે વિદ્યાર્થીને વાંચવું જ ન હોય, અને દૂર દૂર થતાં ભજનનો માઇકનો અવાજ, ઘરમાં વાગતો રેડિયો કે મોટી ઉમરની-મોટેથી બોલાતી વાત પણ 'ડીસ્ટર્બ' કરી નાખે છે બાકી જો ધ્યાન ખરેખર વાંચવામાં હોય તો આસપાસ શું થાય છે એની પણ ખબર ન પડે, ન સંભળાય.

એક સંતની રાત્રે-દરરોજ પ્રાર્થના કરીને સૂવાની ટેવ હતી. આજે ચોમાસાંની મેઘલી રાત હતી. ઝરમર વરસાદ ચાલુ જ હતો. ઝૂંપડી બહાર દેડકાંનું ટોળું મોટે-મોટેથી ડ્રાંઉ ડ્રાંઉ કરતું હતું. સંત પ્રાર્થનામાં બેઠા પણ 'ડ્રાંઉ ડ્રાંઉ' નો અવાજ પ્રાર્થનામાં 'ડીસ્ટર્બ' કરતું હતું. સંત પહોંચેલા હતા. વર્ષોંથી એકાંતમાં સાધના કરતા હતા. તરત ઝૂંપડી બહાર નીકળી મોટેથી બૂમ પાડી બોલ્યા, એય! દેડકાંઓ, તમારો ડખો બંધ કરો..' અને સંતની સૂચનાની જાદુઇ અસર થઇ. દેડકાંનો અવાજ બંધ થઇ ગયો... ને સંત આસન પર બેસી મોટે-મોટેથી શિવ-તાંડવ સ્તુતિ ગાવા લાગ્યા...

... ત્યાં અંદર બેઠેલો પરમાત્મા બોલી ઉઠ્યો. બાપુ! તમારી આ મોટે મોટેથી બોલાતી આ પ્રાર્થનાથી હું ડિસ્ટર્બ થતો નથી કારણ કે તમારા કંઠમાં મુકેલું એ મારું જ સંગીત છે. એમ દેડકાંઓને પણ 'ડ્રાંઉ ડ્રાંઉ' ની સ્તુતિ મેં જ શીખવી-આપી છે. એ પણ મારું જ સંગીત છે..'

- સંત તરત ઉઠ્યા અને ઝૂંપડી બહાર જઇ બોલ્યા - હે - દેડકાંઓ! ગાઓ, ગાઓ અને છેડો તમારું સંગીત.. મને માફ કરજો... અને ડ્રાંઉ-ડ્રાંઉ શરૂ થયું.

Email - sureshchandrabhatt18@gmail.com

જોયું રશ્મી - ધૂળ આપણી બારીના કાચ પર હતી અને કપડા બીજાના મેલા લાગતા હતા માટે ક્યારેય કોઇના માટે કંઇ વિચારે કે બોલે એ પહેલા બધા સંજોગો ચકાસી લેવા જોઇએ

રત્નકણિકા
- લક્ષ્મી વાઘવાની (નિરંકારી)

એક નવપરણિત યુગલ - રાજેશ અને રશ્મી. નોકરીનાં સ્થળની નજીક ભાડાના ફ્લેટમાં રહેવા ગયા. બંને સાથે જ નોકરી કરતાં હતા. જેને કારણે સવાર પડતાં જ બંને ખુબ ઝડપથી કામ પુરૂ કરીને બારી પાસે પડેલા ડાઇનીંગ ટેબલ પર જમવા બેસી જતાં. રહેવા આવ્યાના બે દિવસમાં જ રશ્મીની નજર સામેનાં ફ્લેટની ગેલેરીમાં સૂકાતા કપડાં પર પડી. જોતા જ રશ્મી બોલી. "રાજેશ જુઓ તો ખરા, આ સામેના ફ્લેટવાળાને કપડા ધોતા ય નથી આવડતા, કેટલા મેલા કપડા લાગે છે. કોઇ કહેશે આ ધોવાયેલા કપડાં છે? રાજેશને કોઇ નિંદા કરવી ગમતી નહોતી. પણ નવા લગ્ન થયેલ હોઇ તેણે પત્નીને કંઇ ન કહેતા વાત જ બદલી નાખી. ફરી બીજા દિવસે એ જ જગ્યાએ અને એ જ વાત રશ્મીએ કહી." રાજેશે કહ્યું, ડાર્લિંગ, જલ્દી કર, આપણને મોડું થાય છે. વાત ત્યાં જ પુરી થઇ ગઇ, પણ રોજ એક નવી સવાર પણ એ જ ચર્ચા. રાજેશ હવે કંટાળ્યો હતો તેથી એણે કહ્યું, જવા દેને રશ્મી, કોઇની બાબતમાં આપણે શું કામ મગજ બગાડવું? એમ કરતાં અઠવાડિયું વીતી ગયું. ફરી રવિવાર આવ્યો અને રશ્મી એ દિવસે રજા હોઇ થોડી મોડી ઉઠી. આજે જમવાના બદલે શાંતિથી ડાઇનીંગ ટેબલ પર ચા પીતા અને પેપર વાંચતા જ રશ્મીની નજર સામેના ફ્લેટ પર પડી અને તે અવાક બની ગઇ. એણે તરત રાજેશને કહ્યું, રાજેશ, જોયું, આજે કપડા કેટલા ચોખ્ખા ધોવાયેલા છે?

મને લાગે છે જરૂર એમને કોઇકે ટોક્યા લાગે છે. રાજેશે કહ્યું, એવું નથી આજે સવારે ઉઠીને મેં આપણી બારીના કાચ બહારથી સાફ કર્યા છે. એટલે તને કપડા ચોખ્ખા લાગે છે. આપણી બારી પર લાગેલી ધૂળને કારણે તને કપડાં મેલા લાગતા હતા. રશ્મીને તરત પોતાની ભૂલ સમજાઇ અને રાજેશે પણ તેને પ્રેમથી સમજાવી, જોયું રશ્મી - ધૂળ આપણી બારીના કાચ પર હતી અને કપડા બીજાના મેલા લાગતા હતા માટે ક્યારેય કોઇના માટે કંઇ વિચારે કે બોલે એ પહેલા બધા સંજોગો ચકાસી લેવા જોઇએ.

એવું નથી લાગતું રશ્મી જેવી ઘણી ભૂલો આપણે હંમેશા લગભગ રોજબરોજ કરીએ છીએ. આપણે મોટા ભાગનો સમય બીજાની ભૂલો, બીજાનો વાંક શોધવામાં જ પસાર કરીએ છીએ. જેને કારણે આપણે પોતાની ભૂલો જોઇ કે સમજી જ શકતા નથી અને ખૂબ ટૂંકી મળેલી જિંદગીની અણમોલ ક્ષણો એમનેય વેડફી નાખીએ છીએ અને જ્યારે યમદેવતા આવીને ઊભા રહે ત્યારે કેવી ચાલાકી લોકો કરતા હોય છે તેનું એક બીજું ઉદાહરણ જોઇએ.

(૨) પિતામ્બર નામના એક ભાઇને અચાનક એક દિવસ વહેલી સવારે ચક્કર આવવા લાગ્યા અને તે લથડિયા ખાવા લાગ્યો. તે એકલો જ રહેતો હતો. લથડિયા ખાઇને તે પડી ગયો. જેવું તેને ભાન આવ્યું ત્યાં જ તેને યમરાજના દર્શન થયા. યમરાજે તેને કહ્યું હું યમરાજ છું, હું તને લેવા આવ્યો છું. પિતામ્બરે કહ્યું, હજુ તો ક્યાં મારી ઉંમર મરવાની થઇ છે તે તમે મને લેવા આવ્યા. યમરાજે કહ્યું તારું આયુષ્ય પુરૂ થઇ ગયું છે, પિતામ્બરે થોડા મહિનાઓની મુદ્દત માંગી તો યમરાજે કહ્યું, મહિનાઓ તો શું દિવસોની મુદ્દત પણ ના મળે, પિતામ્બરે એક યુક્તી કરી, યમરાજજી, સારું મારી અંતિમ ઇચ્છા તો પુરી કરશોને?

યમરાજે કહ્યું, હા એટલી અમને છૂટ છે કે તમારી અંતિમ ઇચ્છા પુરી કરી શકું. પિતામ્બરે યમરાજને પોતાના હાથનું બનાવેલ ભોજન કરવાની વાત કરી તો યમરાજે તે દિવસે જે લોકોને લઇ જવાના હતા તેમની યાદી બનાવી અને એ બધાને લઇ જવામાં મોડું થશે તેમ કહ્યું પણ પિતામ્બરની અગ્રહભરી વિનંતી બાદ ઘણી આનાકાની ઘેનની દવા ભેળવી દીધી અને એ ભોજન યમરાજને પીરસ્યું, યમરાજે ભોજન કર્યું તો ઘેનની દવાને કારણે તેમને ઊંઘ આવવા લાગી અને તે ઊંઘી ગયા. હવે પિતામ્બરે ચાલાકીથી પેલી યાદી લીધી અને પોતાનું નામ જે યાદીમાં પ્રથમ હતું તે ચેકીને છેલ્લી લખી દીધું જેથી પોતાનો પૂરતો સમય મળી રહે અને પોતાનું નામ જે યાદીમાં પ્રથમ હતું તે ચેકીને છેલ્લે લખી દીધું જેથી પોતાને પૂરતો સમય મળી રહે આ સમયમાં તે અધૂરા કામ પૂર્ણ કરી દે.

તેણે ઉતાવળે કામ શરૂ કર્યા. પણ ચારેક કલાકમાં યમરાજની આંખ ખુલી તો બપોર થઇ ગઇ હતી. યમરાજે ખૂબ પ્રસન્નતાથી કહ્યું, વત્સ, તારા ભોજનથી હું પ્રભાવિત થયો છું પણ એથીય વધુ તો તારા ભોજન કર્યા બાદ મને જે સંતુષ્ટીભરી ઊંઘ આવી અને મને જે આરામ મળ્યો તે મેં પ્રથમ વાર અનુભવ્યો છે તેથી હું ખુબ ખુશ છું બદલામાં હું એક કામ કરૂં છું કે તારું નામ આજના દિવસની યાદીમાં પ્રથમ છે તો હવે હું ઊંઘેથી યાદી શરૂ કરું છું. જેથી તારો સમય છેક છેલ્લે આવે. આ સાંભળીને પિતામ્બરના ગાંગા ગગડી ગયા કે આ શું થયું મારી ચાલાકી મારા પર જ ભારે પડી ગઇ. એની હાલત સાપે છંછૂદર ગળ્યા જેવી થઇ ગઇ. ન તો એ પોતે કરેલી ચાલાકીની વાત યમરાજ આગળ કરી શક્યો કે ન તો યમરાજને યાદી ઊંઘેથી શરૂ કરતાં રોકી શક્યો.

આ તો સમજવા માટેનું એક ઉદાહરણ છે પણ આ દૃષ્ટાંત આપણને કેટલું બધુ સમજાવી જાય છે કે માણસ ગમે તેટલી ચાલાકી કરે પણ ઇશ્વરે જે કાળે જે કરવાનું નિયત કરેલું છે તે થવાનું જ છે, થઇને જ રહે છે માટે જ જીવનની છેલ્લી ઘડી આજે જ આવશે તેમ માનીને જીવીએ અને બધા સાથે એ રીતે પ્રેમ, નમ્રતા, સહકારભર્યુ વર્તન રાખીએ તો મૃત્યુનો ભય ક્યારેય સતાવશે નહીં અરે... આપણે મૃત્યુને આવકારીશું.

સત્ય એ વિકટ પરિસ્થિતિઓમાં ટકાવી રાખતું બળ છે

સત્ય અને આપણે અક્ષયપાત્ર
- બકુલ દવે

Truth is the law of our being.
- Mohandas K. Gandhi

(આપણું અસ્તિત્વ - આપણું હોવાપણું - સત્યના સિદ્ધાંત પર નિર્ભર છે)

મનુષ્યના અસ્તિત્વ વિશે વિચારતાં એક પ્રશ્ન થાય છે : આપણું અસ્તિત્વ એટલે? માત્ર શરીરનું હોવું તે જ? ના. અસ્તિત્વને લઇને મનુષ્યની વાત કરીએ ત્યારે આટલું વિચારી અટકી જવું પૂરતું નથી. આપણું અસ્તિત્વ એટલે માનવીયતાની સમગ્ર આભાનું - **Aura** નું દિવ્ય પ્રાગટ્ય. આ પ્રાગટ્ય - આભાની તીવ્રતાને વ્યક્તિના જીવનમાં સત્ય કેટલા અંશે આચરણ બની શક્યું તેની સાથે સંબંધ છે.

સત્ય ઇન્દ્રિયગત હોઇ શકે અને ઇંદ્રિયાતીત પણ. ઇન્દ્રિયોથી અનુભવી શકાતું સત્ય એક વ્યક્તિ માટે છે એવું બીજી વ્યક્તિ માટે ન પણ હોઇ શકે. ઇન્દ્રિગત સત્ય ક્ષણે ક્ષણે બદલાતું રહે છે. તે અંગે મતભેદ ઊભા થઇ શકે અને વાદવિવાદને પણ સ્થાન રહે છે. ઇન્દ્રિયાતીત સત્ય એ આનાથી બિલકુલ સામા છેડાની બાબત છે. તેનો સ્પર્શ વિરલ છે. જે અખિલ છે - અખંડ અને અનંત છે, તેના ધ્યાનથી જ પરમ ચેતનામાં સંચિત થઇ અનુભૂતિજન્ય બને છે તે પરમ સત્ય. એ જ ઇશ્વર છે. એ જ શિવ છે ને સુંદર પણ.

ગાંધીજીને અભિપ્રેત હતું તે આ સત્ય. એમના માટે સત્ય અને જીવન અલગ ન હતા. એમના માટે સત્ય જીવન હતું અને જીવન સત્ય.

નિત્શે (Nietzche) નું એક વિધાન છે : **'We have art in order that we may not parish from the truth'** અર્થાત્ 'આપણી પાસે કલા છે, જેના કારણે આપણે સત્યની વેગળા ન રહી શકીએ.'

નિત્શેએ લલિતકલાના સંદર્ભે આ વિધાન કર્યું છે, પણ આપણે જીવન જીવવાની એક કલા છે તે રીતે જોઇએ તો તે સત્યના રૂપને કેટલું બધું સ્પષ્ટ કરી આપે છે!

સત્યથી વેગળો રહેનાર કલાકાર ન હોઇ શકે. ગાંધીજી શ્રેષ્ઠ કલાકાર હતા. સત્યને સાથે રાખી એમને જીવનમાં એવા રંગ પૂર્યા કે એમનું જીવન એક અદ્વિતીય કલાકૃતિ જેવું બની રહ્યું. સત્યને વળગી રહી એ સાચા અર્થમાં આસ્તિક બની રહ્યા, કારણ કે અસત્યના હિમાયતી છે જે તે જ નાસ્તિક છે. સત્યને અલગ રાખી કોઇ સુખી - નિરામય અને ઇશ્વરપરાયણ જીવન ન જીવી શકે. બુદ્ધે સરસ વાત કરી છે. એમને કહ્યું કે : **'Seek not self, but seek the truth. The truth is a living power for good indestructible and invincible.'**

એટલે જાતને શોધવી હોય તો સત્યની શોધ કરો. કારણ કે સત્ય એ વિકટ પરિસ્થિતિઓમાં ટકાવી રાખતું બળ છે. તે ઇચ્છિત કામ કરવાની તાકાત આપે છે. નિર્ણય કરવાની અને અતિ વિકટ પરિસ્થિતિમાં પણ નિષ્ઠામાંથી ચલિત ન થવાનું સામર્થ્ય બક્ષે છે. સત્ય ઉર્જાનો સ્ત્રોત છે. સૂરજ જેવું ઉજળું અને ઝળહળતું પણ ખરૂં. અસત્યનાં વાદળથી એનું ઢંકાઇ જવું આભાસ માત્ર છે.

અગાઉ આપણે સાંભળ્યું હતું કે હાથીઓ ચિત્રકામ કરી શકે છે, હવે તેઓ ચિત્રકારો ઉપરાંત ગાયકો પણ છે તેવું ઉમેરવું પડે અને માનવો સાંભળી શકે તેવા હાથીએ ગાયેલા ગીતોની સીડીઓ ભવિષ્યમાં બજારમાં મળતી થાય તો નવાઇ નહીં

વન્યસૃષ્ટિ પરિચય
હાથી ગાઈ શકે છે!
- હેમંત સુથાર

જમીન પર અસ્તિત્વ ધરાવતાં પ્રાણીઓમાં વિશાળ મોટામાં મોટું પ્રાણી હાથી છે. પ્રાણી સૃષ્ટિ સહુથી મોટું મગજ પણ હાથીનું જ છે. આફ્રિકન હાથી અને અશિયાઇ હાથી એવા બે પ્રકારના હાથી છે. જેમાં આફ્રિકન હાથીઓમાં સવાના અને ફોરેસ્ટ એમ બે જાતિઓ છે. હાથીને અગાઉના સમયમાં ઓઇલફેન્ટ્સ (Oilphants) નામથી ઓળખવામાં આવતાં હતા. ૧૪મી સદી બાદ તેને એલીફન્ટ (Elephant) નામ અપાયું. પ્રાણી સૃષ્ટિમાં સહુથી બુદ્ધિશાળી પ્રથમ પાંચ પ્રાણીઓની યાદીમાં હાથી સામેલ છે. આ પ્રાણીને તાલીમ આપીને શીકવી શકાય છે. તેની યાદશક્તિ ખુબ જ સારી છે. હાથી ભૂલકતાં હોતા નથી. માનવો હાથીઓને પાલતું બનાવીને સરકસમાં, જંગલમાં કે પ્રાણી સંગ્રહાલયોમાં ઘણાં બધા કામો અને ખેલ કરાવતાં તમે જોયા હશે.

હાથી આપણા દેશનું રાષ્ટ્રીય વારસા પ્રાણી (National Harritage Animal) વર્ષ ૨૦૧૦માં જાહેર કરવામાં આવ્યું છે. કેરાલા અને ઝારખંડ રાજ્યોનું રાજ્ય પ્રાણી હાથી છે. આપણા ગુજરાતમાં પણ ૧૮મી સદીમાં પંચમહાલ - દાહોદ અને પાવાગઢ - ચાંપાનેરના જંગલોમાં હાથી જોવા મળતાં હતા.

પ્રત્યાયન એટલે કે સંદેશાવ્યવહાર માં ઉપયોગી છે તેવી ચાર સંવેદી ગ્રંથિઓના આધારે હાથી સાંભળવું, સુંઘવું, જોવું અને સ્પર્શનો ઉપયોગ કરી શકે છે.

હાથીના શરીરની ગ્રંથિઓમાંથી સ્ત્રાવ થાય છે. તેની ગંધની મદદથી તે તેની સ્થિતિનો સંદેશો પાઠવે છે. તેજ રીતે શરીરના વિવિદ હલન-ચલનો અને સ્થિતિઓ પેદા કરીને પણ તે સંદેશા પાઠવે છે. સમુહમાં રહેવા માટે ટેવાયેલા હાથીઓ એકબીજાને શરીરના સ્પર્શ કરીને પણ સંદેશાઓ પાઠવે છે.

આપણે જાણીએ છીએ તેમ હાથી બોલી પણ શકે છે. મોટા ભાગે આપણે હાથીને શહેરી વિસ્તારોમાં જોયેલ હોય છે. તેથી આવા સમયે તે બોલતો હોય તેવું જોવા મળતું નથી. કેટલીક ફિલ્મો કે વન્યજીવોની ડોક્યુમેન્ટરીઓમાં હાથીને બોલતો સાંભળી શકાય છે. "હાથી મેરે સાથી" રાજેશ ખન્નાની ફિલ્મના એક ગીતમાં હાથીનો બોલતો એક જ અવાજ આપણાં બધામાંથી મોટા ભાગના એ સાંભળ્યો છે. આપણે હાથીને ફક્ત રણસીંગા જેવા મોટા અવાજે બોલતો સાંભળ્યો છે. પરંતુ હાથી ભય જણાય ત્યારે, રમતિયાળ મૂડમાં હોય ત્યારે, ગુસ્સામાં કે આક્રોશમાં હોય ત્યારે કે પછી સંવનન સમયે માદાને આકર્ષવાની ક્રિયા દરમિયાન જુદા જુદા અવાજથી બોલતો હોય છે.

હાથીઓ જુદી જુદી તરંગ લંબાઇના અવાજો પેદા કરી શકે છે. આ પૈકી ઘણાં અવાજો માનવી સાંભળી શકતાં નથી. અવાજ પેદા કરવામાં સૂંઢ, મોઢું, જીભ, ગળુ અને ગળા ભાગે આવેલી કોથળી અને સ્વરયંત્ર મહત્વનું કાર્ય કરે છે. અવાજ કાઢતી વખતે હાથી તેની સૂંઢ ઊંચી કે નીચી રાખે છે. ગર્દન પણ ઊંચી-નીચી કરે છે. તેના મોટા કદના કાન સ્થિર-ધીમા કે ઝડપથી હલાવીને પણ હાથી અવાજ પેદા કરે છે.

ગાવાની બાબતમાં આપણે એવું સમજીએ છીએ કે પ્રાણી સૃષ્ટિમાં માનવો અને પક્ષીઓ એમ બે જ ગાઇ શકે છે. પરંતુ હાથી પણ ગાઇ શકે છે. તેવું આપણે હવે આધારભૂત રીતે કહી શકીએ તેમ છીએ. કારણ કે વૈજ્ઞાનિકોએ આ હકીકત સત્ય છે તેવું શોધી કાઢયું છે.

બર્લિન ખાતેના પ્રાણી સંગ્રહાલયના એક હાથીનું મરણ થયું હતું. વૈજ્ઞાનિકોએ મૃત હાથી પર એક પ્રયોગ કર્યો અને આ પ્રયોગ દરમિયાન જોવું મળ્યું કે હાથીની કંઠનળીમાં હવા પસાર કરતાં આ હવા સ્વરમંત્રના ભાગે અને ફેફસાં તરફ વહન કરતી હતી. આવા હવાના હવનની ઝડપી વીડિયો ક્લિપ પર ઉતારવામાં આવી. આ દ્વારા હાથી ગાઇ શકે છે તેવું જાણી શકાયું. સ્વાભાવિક છે કે હાથીઓ ગાતી વખતે માનવોની ભાષામાં નહીં પણ પોતાની હાથીઓની ભાષામાં ગાય છે. બિલાડી જે રીતે ઘુરકીયા કરે છે. તે રીતે હાથી પર ઘરરાટી કરતો અવાજ પેદા કરી શકે છે - કરે છે.

હાથી પોતાના સમુહમાં હોય ત્યારે ઘેરા કે ભારે અવાજમાં ગાય છે તે દરમિયાન તેના સ્વરયંત્ર અને અન્ય ભાગોનો ઉપયોગ કરે છે. હાથીના ગીતો અવશ્રાવક (ઇન્ફ્રાસોનિક) અવશ્રવ્ય કે નિમ્નશ્રવ્ય હોય છે. એટલે કે તે સમયના પેદા થતા અવાજના તરંગોની લંબાઇ ખુબ જ ઓછી હોય છે. જે માનવો સાંભળી શકતાં નથી પણ હાથીના સમુહના અન્ય હાથીઓ સાંભળી શકે છે. આવા અવાજની તરંગલંબાઇ ૨૦ હર્ટઝ કે તેથી ઓછી હોય છે.

હાથી દ્વારા કાઢવામાં આવતો અવાજ માનવો ભલે ન સાંભળી શકતાં હોય પરંતુ અન્ય હાથી ૬ માઇલ એટલે કે ૧૦ થી ૧૫ કિલોમીટર જેટલા દૂરના અંતરે પણ સાંભળી શકે છે.

આ અગાઉ આપણે સાંભળ્યું હતું કે હાથીઓ ચિત્રકામ કરી શકે છે. હવે તેઓ ચિત્રકારો ઉપરાંત ગાયકો પણ છે તેવું ઉમેરવું પડે અને માનવો સાંભળી શકે તેવા હાથીઓ ગાયેલા ગીતોની સીડીઓ ભવિષ્યમાં બજારમાં મળતી થાય તો નવાઇ નહીં.

જંત્રી કરતા ઓછી રકમના દસ્તાવેજની નોંધણી કરાવી શકાશે : ગુજરાત હાઈકોર્ટ

વાત કાનૂન કાયદાની...
-અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ

રાજ્ય સરકારને દસ્તાવેજ ઉપર પૂરતો સ્ટેમ્પ મેળવવા હકક, અધિકાર છે પરંતુ તે માટે તેઓ દસ્તાવેજની નોંધણી સામે રોક લગાવી શકે નહિ

રાજયના તમામ મિલ્કતનોના ભાવ નક્કી કરતા સરકારી જંત્રીના પરિપત્રને નમદાર ગુજરાત હાઇકોર્ટે એક ચુકાદામાં ગેરકાયદેસર ઠરાવ્યા છે. ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જે. બી. પાટડીવાલાની ખંડપીઠે રાજય સરકારે ૨૦૦૭ માં કરેલો જંત્રીનો ઠરાવ રદ જાહેર કરતો હુકમ તાજેતરમાં કરતા મિલ્કતની લે-વેચ કરનારાઓને મોટી રાહત મળેલ છે.

ગુજરાત હાઇકોર્ટે વધુમાં જણાવ્યું છે કે રાજય સરકાર કેન્દ્ર સરકારના કાયદાની વિરોધી નિતિ અખત્યાર કરી શકે નહિ તેમજ વિધાનસભાની પરવાનગી વગર કરાયેલો આ ઠરાવ માન્ય રાખી શકાય નહિ. હાઇકોર્ટના સદર ચુકાદાથી મિલ્કત ધારકો તેમજ ખરીદનારાઓ હવે મિલ્કતની જંત્રી કરતા ઓછી રકમના દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે જેને ઓછી નોંધણી સબરજીસ્ટાર નકારી શકશે નહિ તેમજ ૨૦૦૭ ના સ્ટેમ્પ એકટમાં સુધારો કરી હવે પછી તમામ જમીન મકાન કે મિલ્કતોની ખરીદી પર દસ્તાવેજની સ્ટેમ્પ કિંમત નક્કી કરવામાં આવી હતી જે બાબતે રાજકોટ અને ભાવનગરના નાગરિકોએ હાઇકોર્ટમાં પડકારેલ અને જણાવેલ કે દસ્તાવેજની નોંધણી કરવાનો સ્ટેમ્પ એકટ એ કેન્દ્ર સરકારનો છે જયારે રાજય સામે જ રોક લગાવી દિધી છે કેન્દ્ર સરકારના કાયદાનો વિરોધ હોય તેવી નિતિ રાજય સરકાર અમલમાં મુકી શકે નહિ. રાજય સરકારને દસ્તાવેજ ઉપર પૂરતો સ્ટેમ્પ મેળવવા હકક, અધિકાર છે પરંતુ તે માટે તેઓ દસ્તાવેજની નોંધણી સામે રોક લગાવી શકે નહિ. નીચી જંત્રીવાળા દસ્તાવેજો નોંધણી કરી શકાય તેમજ નો ખુટતો સ્ટેમ્પ હોય તો સ્ટેમ્પ એકટની કલમ ૩૨ મુજબ ખુટતી સ્ટેમ્પ ટયુડી ભરવા માટે નોંધાવનારને નોટીસ આપી રજુઆત કરવાની તક આપવી જોઇએ.

સામાન્ય નાગરિકો જયારે સબ રજીસ્ટાર કચેરીમાં દસ્તાવેજો નોંધાવવા માટે જાય ત્યારે તેમની મીલ્કતનો દસ્તાવેજ સ્વીકકારવાનો તંત્રી તેમને ના ન કહી શકે જો દસ્તાવેજ નોંધનારને એમ લાગે કે તે જમીનની મૂળ કિંમત કરતા ઓછો દસ્તાવેજ કરવામાં આવ્યો છે તો તે સમયે સરકાર તેના ભાવ નિર્ધારિણની પ્રક્રિયા કરી અથવા તો ખુટતી સ્ટેમ્પની વિગતે સ્ટેમ્પ ભરવા માટે દસ્તાવેજ કરાવી લેનારને એકટ મુજબ નોટીસ પાઠવી શકે છે તેમજ કસુરવારને દંડ પણ કરી શકે છે તેમજ ફી ઓછી કરવાની અથવા માફ કરવાની સત્તા ગુજરાત સ્ટેમ્પ એકટ ૨૦૦૪ અન્વયે સ્ટેમ્પ ટયુડી મૂલ્યાંકન કલેકટરશ્રીને છે તેમજ ઓછી અને ખૂટતી સ્ટેમ્પ ટયુડી રેવન્યુ રાહે દસ્તાવેજ કર્તા પાસેથી વસુલી શકવા હકક અધિકાર પણ છે તેથી ઓછી જંત્રીવાળા દસ્તાવેજ નોંધતા સબ રજીસ્ટાર કોઇ દસ્તાવેજ કર્તાને અટકાવી શકે નહિ. સરકાર જમીનોની મિલ્કતોની કિંમત નક્કી ના કરી શકે. આજુ બાજુની મિલ્કતના દસ્તાવેજોની સર્વે કરી મૂલ્યાંકન કરી શકાય છે. દરેક જમીન કે મકાનની પરિસ્થિતિ એક સમાન ગણી શકાય નહિ ઘણી વખત એક જ વિસ્તારના એક જ એરીયાના મકાનોની તથા દુકાનોની ભૌગોલીક પરિસ્થિતિ બાંધણીનો પ્રકાર, બાંધણીના વર્ષ તથા મિલ્કતની આજુ બાજુનીસ સ્થિતિ વિગેરે પરિબળો ધ્યાને લઇ યોગ્ય રીતે મિલ્કતની આકારણી કરવી જોઇએ. ઘણી વખત સરકારી જંત્રી ખૂબ જ વધારે હોય તેટલા ભાવો મિલ્કતના વાસ્તવિકમાં હોતા નથી તેમ છતાં જૂના કાયદા પ્રમાણે દસ્તાવેજ કર્તાએ નવી જંત્રીના ભાવો પ્રમાણે જ દસ્તાવેજો સ્ટેમ્પ ભરી નોંધાવવા પડતા હતા જે વાસ્તાવિક કિંમતોથી આસમાન જમીનનો ફેર જોવા મળતો હતો. જેનો ભોગ મિલ્કત વેચાણ લેનારને બનવું પડતું હતું.

રાજયના તમામ શહેરોમાં જંત્રીને આધારે જ પોતાને ટેકસબીલ આપવામાં આવે છે એટલું જ નહિ પરંતુ ઇન્કમટેક્ષ દ્વારા પણ ચોક્કસ રકમથી વધારેની મિલ્કતની ખરીદી પર ટેક્ષ અમલી બનાવ્યો છે. જંત્રી ન હોવાના કારણે નાગરિક પોતાની મિલ્કતનું મૂળ ખરીદ કિંમતે સ્ટેમ્પ ટયુટી ભરી શકે છે. આમ જો જંત્રીના અમલના બદલે મૂળ પધ્ધતિ ખરીદી સહિત અન્ય બાબતનો લાભ થાય તેમ છે.

ગુજરાત હાઇકોર્ટે તારણમાં જણાવ્યું કે કોઇ બે જગ્યાનો ભાવ એક સરખો હોય તેમ સરકાર નક્કી કરી શકે નહિ તેમજ કેન્દ્ર સરકારના કાયદાની વિરૂધ્ધ જઇ રાજય સરકાર કોઇ ઠરાવ લાગુ પાડી શકે નહિ તેમજ નોંધણી માટે દસ્તાવેજો અટકાવી રાખવા માટે રાજય સરકાર જવાબદાર અધિકારી નથી. નાગરિકો હવે ઓછી રકમનો સ્ટેમ્પ લગાવીને પણ દસ્તાવેજ નોંધણી માટે રજૂ કરી શકશે સરકારના ૨૦૦૭ના પરિપત્રને હાઇકર્ટે રદ જાહેર કરતા હવે મિલ્કતની ખરીદ વેચાણમાં તેજી આવશે તે નક્કી.